

# Long-Term Care Home Update

Community Newsletter

Lakeridge Health

**જૂન 2021**

## છ મહિનાનો વિશિષ્ટ પ્રસંગ

અમે નવા લાંબાગાળાની સંભાળનાં ઘરની છ-માસીય લાક્ષણિક વિશેષતાને ઉજવવા માટે ઉત્સાહિત છીએ, કે જે પ્રવર્તમાનમાં Ajax Pickering Hospitalની બાજુમાં નિર્માણ થઈ રહ્યું છે. આ મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપને ચિહ્નિત કરવા માટે, અમે પાછલા થોડા મહિનાથી જે હેરત પમાડે તેવી પ્રગતિ સાધી છે તેના પર ચિંતન કરી રહ્યાં છીએ.

- **જુલાઈ 2020:** પાછલા જુલાઈમાં, Ontarioની સરકારે એવું જાહેર કર્યું કે Accelerated Build Pilot Programનાં ભાગરૂપે Lakeridge Health's Ajax Pickering Hospitalનાં સાઈટ પર એક નવા લાંબાગાળાની સંભાળનાં ઘરનું નિર્માણકામ કરવામાં આવશે. કોઈ પણ પરંપરાગત નિર્માણકામ કરતાં ઝડપી તેવો આ કાર્યક્રમ નવા ઘરને વર્ષોમાં નહીં પણ મહિનાઓમાં બાંધી શકે છે, કે જેનાંથી Durham ક્ષેત્રમાં બહુ જરૂરી એવા 320 લાંબાગાળાની સંભાળનાં બેડ્સને લાવી શકાય.



*Premier Ford announces the new build in Ajax with Sharon Cochran, Chair of the Lakeridge Health Board of Trustees, Minister Peter Bethlenfalvy, Minister Rod Phillips and Minister Merrilee Fullerton*

- **જાન્યુઆરી 2021:** સંઘે જમીન ખોદવાનાં પ્રારંભિક કાર્યને શરૂ કરતાંની સાથે જ નિર્માણકામની ઔપચારિક શરુઆત થઈ ગઈ.
- **ફેબ્રુઆરી 2021:** જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાઓમાં સળંગ, બાંધકામની ટુકડીએ તેનું ખોદકામ ચાલુ રાખ્યું હતું, કે જેમાં ઈમારતનાં પાયામાં કપચીનું મિશ્રણ પાથરવાનો તેમજ જરૂરી ઉપયોગિતાની સેવાઓ સ્થાપવાનો સમાવેશ થાય છે.



*9મી ફેબ્રુઆરી, 2021નાં દિવસે પ્રતિષ્ઠાનનું કાર્ય*

- **માર્ચ 2021:** બે ક્રેન્સ આવી પહોંચી, બાંધકામની ટુકડીએ ઘરનાં ભોંયતળિયાને ચુવાણ જેવા પાણીનાં આક્રમણો સામે જલાભેદ્ય બનાવવાનું શરૂ કર્યું હતું, તેમજ પ્રથમ માળની દીવાલોને ચણી હતી.
- **એપ્રિલ 2021:** ઘરનાં પહેલા માળને પૂર્ણ કરવામાં આવ્યો હતો.
- **મે 2021:** મૉડ્યૂલર ઘટકો (ઘરનાં એ ભાગો કે જેને સાઈટથી દૂર બાંધવામાં આવ્યા હતા) Ajaxમાં આવવાનાં શરૂ થયા હતા, અને બન્ને દ્વિતીય અને તૃતીય માળોને પૂર્ણ કરવામાં આવ્યા હતા.
- **જૂન 2021:** ચોથા માળનાં બાંધકામની પ્રગતિ સમયસર સફળતાપૂર્વક પૂર્ણ થવા તરફ ધપી રહી છે તેમજ નિર્માણ કાર્યનાં કામદારોનો સંઘ પાંચમો માળ અને છેલ્લા છઠ્ઠા માળનું બાંધકામ શરૂ કરશે.



*19મી જૂન, 2021નાં દિવસે ચોથા માળ પર કામ કરી રહેલ સંઘ*

## ભવિષ્યમાં ઉનાળામાં બાંધકામની પ્રવૃત્તિઓ કરવા બાબતેનો વિચાર

ઉનાળામાં એવા અનેક મહત્ત્વપૂર્ણ બાંધકામની રચનાઓમાં વૃદ્ધિ થવાની છે જે કાં તો આયોજિત થઈ ચૂકી છે, અથવા ટો તેનાં નિર્માણ કાર્યનું કામ ચાલી રહ્યું છે. આવનારા સપ્તાહો અને મહિનાઓમાં PCL Construction એલિવેટર કાર્સ સ્થાપિત કરશે, ઘરની છત અને ફરસંબંધી બેસાડવી શરૂ કરશે, તેમજ ઘરની HVAC અને વિદ્યુત એકમોને સ્થાપવાનું શરૂ કરશે. અનેક પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાથી, નિર્માણકામનાં સાઈટ પર અને તેની આસપાસ કામમાં વ્યસ્તતા ચાલુ રહેશે. નિવાસીઓનાં દિન-પ્રતિદિન નિત્યક્રમોમાં અવાજ અને વિક્ષેપને ઓછામાં ઓછો કરવા માટે સંઘ સતત નિયમિતપણે કામ કરી રહ્યું છે.

સતત ઘરનું બાંધકામ ચાલે ત્યાં સુધી આખો વખત, એ બાબત મહત્ત્વપૂર્ણ છે કે અમે તમારી સાથે - આપણા સમુદાય અને આપણા પાડોશીઓ સાથે - સીધા જ સંપર્કમાં રહી શકીએ.

જો તમારે ઘરનાં બાંધકામ વિષે કોઈ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરીને **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરો અથવા કોઈ પણ સમયે **905-576-8711 એક્સ્ટેન્શન 34167** પર કૉલ કરો.

## Ajax Pickering Hospital અને COVID-19 Assessment Centre Parkingમાં ફેરફારો

લાંબાગાળાની સંભાળનાં ઘરમાં, બન્ને નવા ઘરમાં અને Ajax Pickering Hospitalમાં, કર્મચારીવર્ગ, દર્દી અને મુલાકાતીઓનાં વાહનોની સગવડ કરી આપવા માટે હૉસ્પિટલનાં મેદાનમાં નવા પાર્કિંગ ગૅરેજનાં નિર્માણકામનો સમાવેશ થાય છે. નવા પાર્કિંગ ગૅરેજનાં નિર્માણ કાર્યની સગવડતાને સાચવી લેવા માટે પ્રવર્તમાન સર્ફેસ પાર્કિંગ લૉટ્સનાં ભાગોને તબક્કાવાર બંધ કરવામાં આવશે.

જૂનની શરૂઆતમાં, હૉસ્પિટલનાં દક્ષિણનાં છેડે જાહેર જનતા માટેનું પેઈડ પાર્કિંગ અને COVID-19 Assessment Centre Parkingનાં પ્રવેશમાર્ગો બદલાઈ જશે. ઉત્તર બાજુ Harwood Avenue Southનાં માર્ગેથી વાહનો હૉસ્પિટલનાં મેદાનમાં પ્રવેશવાનું ચાલુ રાખશે, અને પ્રવર્તમાન Lower East Lotનાં નવા દરવાજામાંથી ચકરાવો મારશે.ચાલકો નવા માર્ગોથી સફર કરી શકે એ માટે તેમને મદદરૂપ થવા માટે સ્પષ્ટ માર્ગદર્શનો અને જાહેર જનતા સમજી શકે તેવા ચિહ્નિત સંકેતો હશે, તેમ છતાં જો અમારા મુલાકાતીઓ પૈકીનાં કોઈ પણ મુલાકાતીને જો કોઈ અગવડતાનો સામનો કરવાનો વારો આવશે, તો અમે એ બાબતે ક્ષમા માગીએ છીએ.



*હૉસ્પિટલ તેમજ લાંબાગાળાની સંભાળનાં કર્મચારી-વર્ગ, નિવાસીઓ અને મુલાકાતીઓ માટે નવી 500+ કાર પાર્કિંગ ગૅરેજ અંગે ચિત્રિત નિરૂપણ*

### લાંબાગાળાની સંભાળ વિશે છેલ્લામાં છેલ્લી માહિતી મેળવવા માટે અમારી નિવાસી ઈમેઈલ સૂચીમાં જોડાવો

શું તમે તમારા ઈમેઈલનાં ઈનબૉક્સમાં સીધી જ છેલ્લામાં છેલ્લી માહિતી અને પ્રસંગને પ્રાપ્ત કરવા ઈચ્છો છો? **તમારું નામ અને ઈમેઈલ અડ્રેસને AjaxLTC@lh.ca પર ઈમેઈલ કરવા દ્વારા અમારી ઈમેઈલ સૂચિમાં જોડવો.**

તમે અમારી વેબસાઈટ **lakeridgehealth.on.ca**ની મુલાકાત લઈને અથવા અમને ટ્વિટર અને ફેસબુક પર ફૉલો કરીને પણ છેલ્લામાં છેલ્લી માહિતી મેળવી શકો છો.